અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૭ | ૫ નવેમ્બર, ૨૦૨૦, ગુરુવાર; વિ. આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમેરિકામાં રાજકીય અરાજકતાના એંધાણ

**અમેરિકામાં મતગણરી ચાલુ : બિડેનને ૨૩૮ વોટ મળ્યા : ટ્રમ્પને ૨૧૩ ઇલેક્ટોરલ વોટ મળ્યા : બિડેન બહુમતની નજીક : ચૂંટણીમાં વિજયનો ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બિડેનનો દાવો**

**અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીનો મામલો ગુંચવાયો : પોતે ચૂંટણી જીત્યા અને ચૂંટણીમાં ગોલમાલ થઈ હોવાનો ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો : એક-બીજાને સુપ્રીમમાં પડકારશે**

વોશિંગ્ટન, તા. ૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું કે યુએસ રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં મોટી ગોલમાલ થઈ છે અને અમેરિકાના નાગરિકોની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. હું હવે સુપ્રીમ કોર્ટમાં ચૂંટણીને પડકારીશ. યુએસ પ્રેસિડેન્ટે આ વાત ત્યારે જણાવી જ્યારે હજુ મહત્વના રાજ્યોમાં મતગણતરી ચાલી રહી છે. અત્યાર સુધીની મતગણતરીમાં ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન રેસમાં આગળ ચાલી રહ્યા છે.

વ્હાઈટ હાઉના પૂર્વ તરફના રૂમમાં પસંદગીના મહેમાનોને સંબોધતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમનો વિજય થયો છે. ટ્રમ્પે દાવો કરતા કહ્યું કે એકાએક બધું અટકી ગયું. આ અમેરિકાના લોકો સાથે છેતરપિંડી છે. આ આપણા દેશ માટે શરમજનક છે. અમે ચૂંટણીમાં વિજયની તૈયારીઓ કરી રહ્યા હતા. અમે નિખાલસ રીતે આ ચૂંટણી જીતી લીધી છે. જો કે ટ્રમ્પે ચૂંટણી પ્રક્રિયામાં શું ગોલમાલ થઈ છે તે અંગે કોઈ ટિપ્પણી કરી નહતી.



યુએસના રાષ્ટ્રપતિની ગાદી મેળવવા માટે કોઈપણ પાર્ટીએ ૫૩૮ પૈકી ૨૭૦ ઈલેક્ટોરલ વોટ મેળવવા પડે છે. છેલ્લા અહેવાલ મુજબ જો બિડેનને ૨૨૫ તેમજ ટ્રમ્પને ૨૧૩ ઈલેક્ટોરલ વોટ મળ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પ હાલમાં પેનસિલ્વેનિયા સહિતના મહત્વના રાજ્યોમાં આગળ ચાલી રહ્યા છે.

ટ્રમ્પે જણાવ્યું કે, અમારું લક્ષ્ય હવે દેશના હિતમાં અખંડિતતાની ખાતરી કરવાનું છે. આ એક વિશાળ ક્ષણ છે. આપણા રાષ્ટ્ર સાથે મોટી ગોલમાલ થઈ છે. અમે આ બાબતે કાયદાનો યોગ્ય ઉપયોગ થાય તેમ ઈચ્છીએ છે. જેથી અમે આ પ્રક્રિયાને યુએસ સુપ્રીમ કોર્ટમાં પડકારીશું. અમે તમામ મતદાનને અટકાવવા માંગ કરીશું. અમે નથી ઈચ્છતા કે તેઓ સવારના ચાર વાગ્યાના મતપત્રકોને ધ્યાનમાં લે અને તેની ગણતરી કરે. દેશ માટે આ દુઃખદ પળ છે. અમે આ ચૂંટણી જીતીશું અને મારા મતે અમે આ ચૂંટણી જીતી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કેરળમાં પણ મંજૂરી વગર CBIને 'નો એન્ટ્રી'

**મહારાષ્ટ્ર, રાજસ્થાન બાદ કેરળમાં પણ સીબીઆઇ માટે દરવાજા બંધ**

તિરુવનંતપુરમ્,તા.૪

કેરળ સરકારે રાજ્યની સરહદની અંદર કામ કરવા માટે કેન્દ્રીય તપાસ એજન્સી ઝ્રમ્ૈંને આપવામાં આવેલી સહમતિને પરત લેવાનો નિર્ણય કર્યો છે. તપાસ એજન્સીએ હવે કેરળમાં કેસ દાખલ કરતા પહેલા રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે.

બિન-ભાજપ શાસિત રાજ્ય પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી હવે કેરળ પણ આ યાદીમાં સામેલ થઈ ગયું છે. બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે તાજેતરમાં જ લાઈફ મિશન હાઉસિંગ પ્રોજેક્ટમાં સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો, જે રાજ્ય સરકાર તરફથી બેઘર લોકને ઘર આપવાની મુખ્ય યોજના હતી.

'લાઈફ મિશન' પ્રોજેક્ટમાં કથિત વિદેશી અંશદાન કાયદાના કથિત ઉલ્લંઘન અને ભ્રષ્ટાચાર કેરળમાં મોટો રાજકીય મુદ્દો બન્યો છે. વિપક્ષ નેતા રમેશ ચન્નીથલાએ આરોપ લગાવ્યો છે કે સોનાની તસ્કરી કેસમાં મુખ્ય આરોપી સ્વપ્રા સુરેશે એનઆઈએ કોર્ટની સામે સ્વીકાર કર્યો છે કે તેને આ પ્રોજેક્ટમાંથી એક કરોડ રૂપિયા કમિશન મળ્યું છે. વિપક્ષ તરફથી આરોપ લગાવવામાં આવ્યો છે કે રેડ ક્રિસેન્ડ તરફથી કોન્ટ્રાક્ટરની પસંદગી કરવામાં ભ્રષ્ટાચાર થયો હતો. આંતરરાષ્ટ્રીય સંગઠને રેડ ક્રિસેન્ટે લાઈફ મિશન પ્રોજેક્ટ માટે ૨૦ કરોડ રૂપિયાનું ફંડન આપવા માટે સહમતિ બતાવી હતી.

બીજી તરફ કેરળ હાઈકોર્ટે બેઘર થયેલા લોકોને મકાન પૂરા પાડતી રાજ્ય સરકારની લાઈફ મિશન યોજનામાં કથિત કૌભાંડની

● અનુસંધાન પાન-૭ પર

# યુએસમાં ભારતીય મૂળના ૪ ડેમોક્રેટ સાંસદ ફરીથી ચૂંટાયા

**મૂળ ભારતીય શક્તિશાળી સમૂદાય તરીકે ઊભર્યો : એમી બેરા, પ્રમિલા જયપાલ, રાજા કૃષ્ણમૂર્તિ, રો ખન્નાએ શાનદાર પ્રદર્શન કરતા ફરીવખત જીત હાંસલ કરી**

વોશિંગટન, તા. ૪

અમેરિકન કોંગ્રેસના નિચલા સદન પ્રતિનિધિ સભા માટે ડેમોક્રેટિક પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી રહેલા ભારતીય મૂળના ચારે ઉમેદવારો ડો. એમી બેરા, પ્રમિલા જયપાલ, રો ખન્ના અને રાજા કૃષ્ણમૂર્તિએ શાનદાર પ્રદર્શન કરતા એકવાર ફરી જીત હાંસલ કરી લીધી છે. અમેરિકની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભારતીય મૂળના અમેરિકન્સ પહેલીવાર એક શક્તિશાળી સમુદાય તરીકે ઉભરી આવ્યાના આ સંકેત માનવામાં આવી રહ્યા છે.

ફ્લોરિડા, જોર્જિયા, મિશિગન, નોર્થ

# રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ

**ડિઝાઈનરને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવાનો ગુનો**
**મુંબઈ પોલીસ દ્વારા અન્ય બે વ્યક્તિઓની ધરપકડ કરાઈ**

મુંબઈ, તા. ૪

રાયગઢ પોલીસે બુધવારે સવારે રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે અને વધુ બે લોકો પર આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધી છે. અર્નબ પર ૫૩ વર્ષના ઈન્ટીરિયર ડિઝાઈનર અને તેમના માતાને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવાનો ગુનો નોંધાયો હતો. આ બન્નેએ ૨૦૧૮માં આત્મહત્યા કરી હતી.



અન્ય જે બે વ્યક્તિઓની ધરપકડ કરાઈ છે તેમની ઓળખ ફિરોઝ શેખ અને નીતિશ સારદા તરીકે થઈ છે. અર્નબ ગોસ્વામીની વર્લી, ફિરોઝ શેખની કાંદીવલી અને નીતિષ સરદાની જોગેશ્વરીથી ધરપકડ કરવામાં આવી છે.

અર્નબ ગોસ્વામીની રાયગઢ પોલીસ અને મુંબઈ પોલીસના જોઈન્ટ ઓપરેશનમાં ધરપકડ કરવામાં આવી છે. એપીઆઈ સચિન વાઝેની ટીમે અર્નબની તેના ઘરેથી ધરપકડ કરી છે. આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો કેસ કોનકોર્ડ ડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અન્વય નાઈકે નોંધાવ્યો હતો. જેમણે ચેનલની બિલ્ડિંગ તૈયાર કરવા માટે કરેલા કામના ૮૩ લાખ રુપિયા લેવાના હતા. બીજી કંપનીઓ આઈકાસ્ટએક્સ/સ્કિમીડિયા અને સ્માર્ટવર્કર્સને પણ રુપિયા લેવાના નીકળતા હતા, ત્રણે કંપનીઓના એક સાથે ૫.૪૦ કરોડ લેવાના બાકી છે. વર્લીમાં રહેતા અર્નબ ગોસ્વામીની પોલીસ ધરપકડ કરવા ગઈ ત્યારે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. અર્નબ ધરપકડની કાર્યવાહીમાં અવરોધ સર્જી શકે છે તેવી આશંકાએ અલીબાગ પોલીસે મુંબઈ પોલીસની મદદ માગી હતી. આસિસસ્ટન્ટ ઈન્સ્પેક્ટર સચિન વાઝેની આગેવાનીમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચની ટીમ અને સ્પેશિયલ ઓપરેશન સ્ક્વોડ ઉપરાંત અલીબાગના એસપી અશોક દૂધે સવારે છ વાગ્યે અર્નબના ઘરે પહોંચ્યા હતા.

# અમદાવાદના પીરાણામાં કાપડના ગોડાઉનમાં ભીષણ આગ : ૧૧ના મોત

**પીરાણા-પીપળજ ખાતેના સાહિલ એન્ટરપ્રાઇઝમાં બોઇલર ફાટતા આગ લાગી હતી : ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કઢાયેલ ઈજાગ્રતોને એલજી હોસ્પિટલ ખાતે ખસેડાયા : કેમિકલ ફેક્ટરીમાં બ્લાસ્ટ થતા કાપડ ફેક્ટરી સહિત ૪ ગોડાઉનની છત ધરાશાયી : ફાયરબ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુ માટે જોડાયા : ગોડાઉન બટાભાઇ ભરવાડ નામના વ્યક્તિનું હોવાનું બહાર આવ્યુ**

અમદાવાદ,તા.૪

દિવાળી ટાણે હવે રાજ્યમાં અલગ અલગ જગ્યાએ આગ લાગવાની ઘટનાઓ ફરીથી શરૂ થઈ છે. અમદાવાદમાં કાપડ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હોવાના અહેવાલ મળતા અફડા તફડીનો માહોલ સર્જાયો છે. શહેરમાંના પીરાણા પીપળજ રોડ પર નાનુકાકા એસ્ટેટમાં આવેલા કાપના ગોડાઉનમાં બોઈલર ફાટતા આગ લાગી હતી. બોઈલરના કારણે થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે દીવલો પણ ધરાશાયી થઈ હતી. આગમાં અત્યાર સુધી ૧૧ લોકોના મોત નીપજ્યા છે. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. હજુ પણ કેટલાંક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ આગ સાહિલ એન્ટરપ્રાઈઝમાં લાગી હોવાનું સામે આવ્યું છે.






જ્યારે બાજુમાં કાપડની ફેકટરી આવેલી હતી જ્યાં કેટલાક લોકો પૅકિંગનું કામ કરતા હતા. બાજુની કેમિકલ ફેકટરીમાં આગ લાગતા કાપડની ફેકટરીનું ધાબુ પડી ગયું અને બાજુની ફેકટરીની આગ કાપડની ફેકટરીમાં ફેલાઈ ગઈ હતી. કાપડના કારણે આગ વધી અને ગંભીર રીતે લોકો દાઝ્યા હતા.

પિપલ રોડ પર આવેલ નાનુકાકા એસ્ટેટના કાપડના ગોડાઉનમાં ૧૧ વાગ્યાની આસપાસ મોટો બ્લાસ્ટ થયો હતો. ગોડાઉનમા બ્લાસ્ટ થતા તેની છત ધરાશયી થઈ હતી. જેથી નીચે કામ કરી રહેલા મજૂરો પર છત પડી હતી. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેની અસર આસપાસના ગોડાઉન પર પણ થઈ હતી. અડધા કિલોમીટર સુધી બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ધડાડો સંભળાતા જ લોકોમા નાસભાગ મચી હતી,

● અનુસંધાન પાન-૭ પર


## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી કેશુભાઈ પટેલ**
જન્મ તા. ૨૪/૦૭/૧૯૨૮
સ્વ.તા. ૨૯/૧૦/૨૦૨૦
પૂર્વ મુખ્યમંત્રી : ગુજરાત રાજ્ય

સ્વ. કેશુબાપા ગુજરાતના મોભી, તીવ્ર કોઠાસુઝ ધરાવતા, સર્વ સમાજ પ્રત્યે સંવેદનશીલ, સરદાર પટેલ સાહેબનાં સાચા અર્થમાં વારસદાર અને ભીષ્મ પિતામહ જેવું વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના અવસાનથી ફક્ત સૌરાષ્ટ્ર પટેલ સમાજને જ નહી, પરંતુ સમગ્ર ગુજરાતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.. ઓમ શાંતિ.

લી.
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર
શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ગાંધીનગર
શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી અન્નપુર્ણાધામ ટ્રસ્ટ, અડાલજ
શ્રી સમસ્ત પાટીદાર સમાજ, ગાંધીનગર
શ્રી ગાંધીનગર જીલ્લા લેઉવા પાટીદાર સમાજ, ગાંધીનગર
શ્રી ગાંધીનગર ચારૂતર પાટીદાર સમાજ, ગાંધીનગર


## છેલ્લે... છેલ્લે...

- **ઓસ્ટ્રેલિયામાં કોરોનાના ઝીરો કેસ**
- **રાજ્યની તમામ નીચલી કોર્ટો ૨૩ નવેમ્બારથી કાર્યરત બનશે.**
- **રાજસ્થાનમાં ફટકડા વેચવા પર ૧૦ હજાર અને ફોડવા પર રૂપિયા ૨ હજાર દંડ કરાશે.**
- **દિલ્હીથી લંડન જતી એર ઇન્ડિયાની બે ફ્લાઇટ્સ મુકામે પહોંચશે નહીં: ખાલિસ્તાન આતંકીની ધમકી**
- **ઓડિસ્સામાં પણ ફટાકડાના વેચાણ અને ફોડવા પર પ્રતિબંધ.**

# લાંબા સમય સુધી અસરકારક રહે એવી વેક્સિન શોધાઈ

**કોરોના સામેની લડાઈમાં સારા સમાચાર : વાયરસનું સ્વરૂપ બદલાશે તો પણ વેક્સિન ખતમ કરશે**

નવી દિલ્હી, તા. ૪

વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસ માટે એક એવી વેક્સીન બનાવી છે જે અનેક ઘણી વધારે એન્ટીબોડી વિકસીત કરે છે. આ વેક્સીનનો જાનવરો પર ટેસ્ટ કરવામાં આવ્યો છે અને તેના પરિણામો પણ ખુબ ચોંકાવનારા આવ્યા છે. રિસર્ચ કરનારાઓમાં યૂનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના કેટલાક નિષ્ણાંતો પણ શામેલ છે. નેનો પાર્ટિકલમાંથી બનેલી કોરોનાની નવી વેક્સીન ઉંદરમાં એ લોકો કરતા અનેક ઘણી વધારે ન્યૂટ્રલાઈઝિંગ એંટીબોડીઝ પેદા કરવામાં સક્ષમ છે જે કોરોનાને મ્હાત આપી ચુક્યા છે.

સેલ નામની જર્નલમાં પબ્લીશ કરવામાં આવેલા અભ્યાસ પ્રમાણે વેક્સીને ઉંદરમાં વેક્સીનના ડોઝ ઘણા ઓછા કરવા


FITOOR KITCHEN
ઓર્ડરથી નોનવેજ બનાવી આપવામાં આવશે.
એક દિવસ અગાઉ ઓર્ડર આપવો જરૂરી છે.
97231 23972



૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ

UltraTech CEMENT
The Engineer's Choice

હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર